NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

समग्र शिक्षा
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭,
ગાંધીનગર.
E-mail -gecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩


પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૫/૨૯૩૫૦ - ૪૫૮ તા-૧૩.૦૬.૨૦૨૫

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા: તમામ

પ્રતિશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા- તમામ
શાસનાધિકારીશ્રી- અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત

વિષય : વિધાંજલિ કાર્યક્રમ અંગે સમાજની સહભાગીદારીતા વધારવા બાબત
સંદર્ભ- નોંધ પર માન.એસપીડીશ્રીની મળેલ મંજૂરી અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે ભારત સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૨ થી વિધાંજલિ કાર્યક્રમ અમલીકૃત કરવામાં આવેલ છે. જેમાં વિવિધ સમુદાયો, સંગઠનો, સ્વયંસેવકો, સ્થાનિક તથા આસપાસના વિસ્તારમાંથી વિવિધ NGO/એજન્સી/કચેરી/સંસ્થાઓના સહકાર અને CSR ફંડ દ્વારા સરકારી શાળાઓમાં જરૂરી સહયોગ આપી શાળાનો વિકાસ કરવા માટેનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સદર બાબતે જે શાળાઓએ વિધાંજલિ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું બાકી હોય તેઓએ ઝડપથી રજિસ્ટ્રેશન પૂર્ણ કરવાનું રહેશે. ગ્રામ્ય અને શહેરી કક્ષાએથી સમુદાય, સંગઠનો, સ્વયંસેવકો તેમજ સ્થાનિક તથા આસપાસના વિસ્તારમાંથી વિવિધ NGO/એજન્સી/કચેરી/સંસ્થા શાળાને કોઈ યોગદાન આપવા ઈચ્છે તો શાળાના આચાર્યશ્રીએ સ્થાનિક સમુદાય/એજન્સી કે સંસ્થાને આ પ્રક્રિયા અંગે ખ્યાલ ન હોય તો તેઓને રજિસ્ટ્રેશન તેમજ શાળાને જે સુવિધા ઉપલબ્ધ કરાવવા ઈચ્છે છે તેની ઓનલાઈન પ્રક્રિયા અંગે સહયોગ આપવો. આ પ્રક્રિયા અંગે શાળાઓને સમાજ સાથેનું જોડાણ વધે અને ગામની શાળાના વિકાસમાં તેઓનું યોગદાન જોડાય તે હેતુએ પરસ્પર સહયોગી થઇ ઓનલાઈન પ્રક્રિયામાં મદદ કરવા આચાર્યશ્રીઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

આ સાથે ખાસ એ પણ ધ્યાન દોરવાનું કે ટૂંક સમયમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી યોજવામાં આવનાર છે, આ કાર્યક્રમમાં સ્થાનિક દાતાઓ તેમજ સંસ્થા/NGO દ્વારા દરેક શાળાઓને શૈક્ષણિક સંસાધનો ઉપલબ્ધ થતા હોય છે. તો આ તમામ ઉપલબ્ધ થતી બાબતોને વિધાંજલિ પોર્ટલ મારફત કરવામાં આવે તે ખાસ ધ્યાને લેવા વિનંતી છે.

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 3779
તારીખ 19/6/25

Scanned with OKEN Scanner

આ અંગે CRC કો.ઓ દ્વારા બિનચૂક કાળજી લઇ પૂર્વ આયોજન હાથ ધરવામાં આવે અને તમામ શાળાઓ શાળા પ્રવેશમહોત્સવ દરમિયાન શાળાને મળતા લાભ/સહાય વિધાંજલિ પોર્ટલ મારફતે લેવામાં આવે તે અંગે આપની કક્ષાએથી દરેક શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

સદર કાર્યક્રમ માટે જિલ્લા કક્ષાએ શિક્ષણ સેવા વર્ગ-૨ કક્ષાના નોડલ અધિકારી નિયુક્ત કરેલ છે, જેઓએ આ અંગે BRC/CRC કો. ઓ સાથે શાળા પ્રવેશોત્સવ પૂર્વે એક વીડિયો કોન્ફરન્સ યોજી માર્ગદર્શન આપવાનું રહેશે.

( શિલ્પા પટેલ )
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

બિડાણ : વિધાંજલિ કાર્યક્રમ માર્ગદર્શિકા અને પરિશિષ્ટ A

નકલ સવિનય રવાના:

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એડી.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

જા.નં.ક–૩/૫૨૨/૨૦૨૫–૨૬/૧૨૨૭-૨૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા તા.૨૩/૦૬/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તથા બિન સરકારી મા.અને ઉ.મા.શાળાઓ, (તમામ)
જિ.વડોદરા

૨/– જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

નકલ રવાના :

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) (જાણ તથા અમલવારી સારું.)

Scanned with OKEN Scanner